# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ
### પ્રશ્નપત્ર-૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦ કુલ ગુણ : ૧૦૦

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે.**

**(૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણાય.**

**(૩) આ નોંધ પ્રશ્ન : ૧ થી પ્રશ્ન ૫ માં સરખી જ લાગુ પડશે.**

**(વિભાગ:૧ 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ', ચતુર્થ આવૃત્તિ, ઓગસ્ટ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ:- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. પ્રમુખસ્વામી મહારાજની કર્તવ્યનિષ્ઠા.**

| | | |
|---|---|---|
| ૧. | પૂર્વ ભૂમિકા. | ૨૭ |
| ૨. | પ્રમુખવરણી દિનની પ્રતિજ્ઞા. | ૨૮ |
| ૩. | સુંદલપુરામાં હાર્ટએટેક - વડોદરા જતાં આચાર્ય સ્વામી અને બે સંતોને આજ્ઞા. | ૫૧ |
| ૪. | કલકત્તામાં રાજેન્દ્રને મળવા માટેની ઉતાવળ. | ૫૪ |
| ૫. | દોલતભાઈને મળવા ગોંડલથી મુંબઈ. | ૫૫ |
| ૬. | પ્રયાગમાં સૌરાષ્ટ્રના ત્રણ હરિભક્તોને તમામ નાસ્તો આપી દીધો. | ૬૧ |
| ૭. | ત્રિગુણભાઈ ભટ્ટને પત્ર. | ૬૩ |
| ૮. | ભરવાડણ બાઈની લાગણી પોતાના ધર્મમાંથી સહેજ પણ ચળ્યા વગર ભગવાનના દર્શન કરાવી પૂરી કરાવી. | ૬૫ |
| ૯. | સૌરાષ્ટ્રના એક ગામે હરિભક્તને પાલો બાજરો દળી આપ્યો. | ૬૫-૬૬ |
| ૧૦. | દ્વેષી સંતની અંત સમય સુધી સંભાળ. | ૬૭ |
| ૧૧. | રાત-દિવસ જોયા વગર વિચરણ - અન્ય કુદરતી આપત્તિઓમાં સ્વીમીશ્રીની કર્તવ્યનિષ્ઠા | ૬૮-૭૪ |
| ૧૨. | કેટલ કેમ્પની પ્રવૃત્તિ | ૧૫૩ |
| ૧૩. | યોગી શતાબ્દી. | ૧૫૮ |
| ૧૪. | અક્ષરધામનું નિમાર્ણ. | ૧૫૯ |

**૨. પંચવર્તમાનમાં સુમેરુ : પ્રમુખસ્વામી મહારાજ.** શ્રીજીમહારાજની સંતોને પંચવર્તમાન ચુસ્તપણે પાળવાની આજ્ઞા. ૭૫

**નિઃસ્નેહી :** ૧. શાસ્ત્રીજી મહારાજનો પત્ર આવતાં ઘરનો તત્કાળ ત્યાગ ૭

**નિષ્કામી વર્તમાન:** ૧. નિષ્કામી વર્તમાન સૌથી મહત્વનું. ૭૫

| | | |
|---|---|---|
| ૨. | ઈશ્વર પેટલીકરનો મત - સ્વામીશ્રીનો ધરાર ઈન્કાર પંચવર્તમાન એ આપણી શોભા - સ્વામીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય. | ૭૬ |
| ૩. | ગઢપુરમાં નાની બાળકીનો અજાણતા સ્પર્શ - વસ્ત્ર સહિત સ્નાન - નિર્જળા ઉપવાસ. | ૭૬-૭૭ |
| ૪. | ટાન્ઝાનિયાના રાષ્ટ્રપ્રમુખની માતાની વિનંતીનો સાભાર મકમતાથી અસ્વીકાર | ૭૭ |
| ૫. | દાદર પુલ પરથી પસાર થતાં - અજાણતા પોતાનું વસ્ત્ર સ્ત્રીને અડી ગયું છે તેવી શંકા - છતાં નિર્જળા ઉપવાસ. | ૭૮ |
| ૬. | મોતિયાના ઓપરેશનમાં સ્ત્રી-નર્સ સ્પર્શ ન કરે. પુરુષ નર્સ તથા પુરુષ ડૉક્ટર દ્વારા જ સારવારનો આગ્રહ. | ૭૮ |
| ૭. | સ્ત્રીઓ પ્રત્યે તિરસ્કાર નથી - મહિલા હરિભક્તોની ભક્તિની સરાહના - છતાં મહારાજના આપેલ નિયમનું સારધાર અણીશુધ્ધ પાલન. | ૭૮-૭૯ |

**નિર્લોભી :** ૧. સ્વામીશ્રીને ગજવું નથી - પરદેશની મુસાફરીમાં સ્વામીશ્રી તથા સંતો પાસે સામાન્ય મુસાફરો જેટલા પણ નાણાં ન હતા. ૭૯

૨.	નાણાંનો અજાણતાં સ્પર્શ - જાણે અગ્નિનો સ્પર્શ - પચીસ વખત ધૂળથી હાથ ધોયા.	૮૦
૩.	ચાંદીના ઊલિયાનો ઘા - ગાલીચો પાછો અપાવી દીધો - જૂનાં ધોતિયાનો જ આગ્રહ - ભૌતિક સગવડો - કીર્તિ યશની સ્પૃહા જ નથી.	૮૦-૮૧

**નિઃસ્વાદી :** ૧. નિઃસ્વાદી તો એવા કે કોઈ સ્વાદની રુચિ જ બતાવી નથી. પીઝાના રસિયા જુદા આપણે તો મમરાના રસિયા.	૮૧
૨.	કરકરવાળા રોટલા બોલ્યા વિના જમી ગયા.	૮૧
૩.	શીરામાં ભૂલમાં ખાંડને બદલે મીઠું નંખાયેલ શીરો ચૂપચાપ જમી લીધો.	૮૧-૮૨
૪.	સાંકરીમાં કડવાં ઢેબરાં જમી લીધા.	૮૨
૫.	મહેસાણામાં પોતાની જ જન્મ જયંતીએ કડવી કાકડી ચૂપચાપ જમી લીધી.	૮૨
૬.	દૂધીનાં ખારાં ઢેબરાં જમ્યા - ખાશો ત્યારે ખબર પડશે. પોતે કાંઈ બોલ્યા જ નહિ.	૮૨
૭.	બહેરીનમાં મીઠાં વિનાનું શાક જમી લીધું. - ભોજનમાં રસ વિષે કોઈ ફરિયાદ નહિ, ઠાકોરજીના થાળમાં જે પીરસાયું તે જ જમી લે.	૮૨

**નિર્માની :** ૧. જ્યારે પ્રમુખપદે નિમાયા ત્યારે જ વાસણ ઊટકવા બેસી ગયા - નૈરોબી એરપોર્ટ પરથી જ પાછા મુંબઈ કોઈ ક્ષોભ નહિ. ઉપરથી હાસ્યરસની છોળો.	૮૩
૨.	દરેકને નમે - નમવાથી મોટપ ઘટતી નથી. - સેવક રહેવાની જ આકાંક્ષા - લંડનમાં શ્રી પરમારના કડક શબ્દોના પત્રનો પણ ખૂબ સાલસતાથી જવાબ - સુર્વણતુલાને દિવસે જ સાંજે થયેલ અપમાન પણ પચાવી લીધું. - જમાડીને એ ભાઈને મોકલવાની આજ્ઞા - ગોંડલમાં અન્ય સંપ્રદાયના સંતો ગાદી પર બિરાજ્યા હતા તો પોતે નીચે સંતો સાથે બેસી ગયા.	૮૪-૮૫
૩.	અહં શૂન્ય - બગડેલી મોટરને ધક્કા - સંડાસની ગંદકી સાફ કરવી - હરિભક્તના નવા મકાનમાં ચાદરો બિછાવવા લાગ્યા. - ગોંડલ મંદિરમાં રોટલી કરવા, કલકત્તામાં પૂરી વણવા - સેવક પ્રગટ ભગતના ધોતિયા ધોયા - ટ્રેનમાં બે રૂપિયાની ટિકિટ માટે ડબ્બે ફર્યા - સૌરાષ્ટ્રના એક તીર્થધામમાં તિરસ્કાર છતાં સ્મિત સાથે પાછા ફર્યા.	૮૬
૪.	પોતાનું ગાદલું ગોદડું અન્યને આપી દેવું - તેમના શબ્દો સહન કરવા.	૮૭
૫.	ઝેર આપવાનો પેંતરો રચનારને પણ વૃધ્ધાવસ્થા સુધી સાચવવા - જેલમાં મોકલવાની ધમકી આપનારને પ્રત્યે પણ ઉદારતા સાચવવી તે જ નિર્માનીપણાની પરાકાષ્ટા - પંચવર્તમાનનું લોહીના લય સાથે જ વહેવું તે આ જ - લોહીમાં પંચવર્તમાન વણાયેલ છે.	૮૭

**૩.	પ્રમુખસ્વામી મહારાજે કરેલાં જીવન પરિવર્તનો.**
૧.	માતા-પિતાને પાઠ ભણાવવા માટે અવળે માર્ગે જનાર યુવકને સાચી દિશાએ વાળ્યો.	૧૦૮
૨.	ભાઈના ખુનીને ખતમ કરવા તલસતાં યુવકનું ખુન્નસ દૂર કર્યું-દારૂ માંસની બદીમાંથી મુક્ત કરી નિવ્યસની બનાવ્યો.	૧૩૭
૩.	વ્યસનીઓના વ્યસનો છોડાવવા માટે અથાગ પરિશ્રમ-વ્યસન મુક્તિથી થયેલા જીવન પરિવર્તનના પ્રસંગો	૧૪૩થી૧૪૭
૪.	ઓદરકાના રામસંગબાપુ - તળાજાના રિશુભા.	૧૭૧,૧૭૨
૫.	ક્રોધી શિક્ષકને 'સ્વામિનારાયણ' મંત્રનું રટણ કરવાની આજ્ઞા આપી ક્રોધ નાબુદ કર્યો.	૧૭૨-૧૭૩
૬.	જ્ઞાન-ધ્યાનની ગોળીથી વ્યસનીના વ્યસનની નાબૂદી.	૧૭૩
૭.	હેરોઈનની ચુંગાલમાં ફસાયેલા અમદાવાદના યુવકને સારંગપુર મંદિરમાં રાખી વ્યસન છોડાવ્યું.	૧૭૪
૮.	ઓદરકા અને કુકડ ગામના રહેવાસીઓના અપૈયા છોડાવી સંપ કરાવ્યો.	૧૭૫

**પ્ર.૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે ઓછામાં ઓછા પાંચ પ્રસંગો હોવા જરૂરી છે.**

**૧.	પ્રમુખસ્વામીની વ્યવહાર કુશળતા. (ત્રણ પ્રસંગો)**
૧.	સારંગપુર ગામનો વહીવટ સંભાળવા લોકોનો આગ્રહ - પ્રમુખ સ્થાને નિયુક્તિ - સફળ નેતૃત્વ અને વહીવટી દક્ષતાનો સમ્યક્ સમન્વય - 'અક્ષરધામ' નિર્માણ - જનસમાજ પાસેથી મળેલ નાણાંનો કરકસરપૂર્વક ઉપયોગ - કેટલ કેમ્પનું આયોજન.	૧૫૧થી૧૫૫
૨.	ઈ. સ. ૧૯૬૧ સુવર્ણકળશ મહોત્સવ, ઈ.સ. ૧૯૮૫ ગુણાતીત દ્વિશતાબ્દી વખતે પ્રવેશ દ્વારનું પુનઃનિર્માણ, ઈ. સ. ૧૯૬૫ શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ. ઈ.સ. ૧૯૬૭ યોગીજી મહારાજનો અમૃત્ત મહોત્સવ, ઈ. સ. ૧૯૮૧ ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ અને અનામત આંદોલન. - ઈ. સ. ૧૯૮૫ ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવમાં વરસાદની ખેંચ, અનામત આંદોલન. ઈ.સ. ૧૯૯૨ યોગી શતાબ્દીમાં યોગીનગરનું આયોજન. 'અક્ષરધામ' નિર્માણમાં કારીગરોને ઉત્સાહની પૂર્તિ.	૧૫૫ થી ૧૬૨

**૨. સ્વામી-યોગીની રૂડી જોડલી.** ૧. બધો યશ ગુરુવર્યને સમર્પિત - પોતાના મહત્ત્વને કચડી નાખ્યું. ૩૯
૨. પ્રગટ ભગતની પૂજામાંથી પોતાનો ફોટો કાઢી નાખ્યો. ૩૯
૩. ગોંડલ હાઈસ્કૂલના નામ સાથે યોગીજી મહારાજનું નામ. ૪૦
૪. ગુરુના પરિશ્રમને સંતો-હરિભક્તોમાં તાદશ્ય કરાવતા - બ્રહ્મપ્રકાશદાસ સ્વામીને પોટલા સાથે વૉકિંગ. ૪૦, ૪૧
૫. ગુરુ અને સંસ્થાની સેવા કરનારનો મહિમા. હર્ષદભાઈ ચાવડા- ત્રિભાકાકા -યોગીજી મહારાજના હરિભક્તોનો મહિમા ૪૨
૬. ‘યોગીજી મહારાજને મારી જગ્યાએ ગણજો.’ શાસ્ત્રીજી મહારાજના શબ્દો ક્યારેય અળગા કે ઓઝલ કર્યા નથી. ૪૪
૭. નિંગાળા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સભા વખતે યોગીજી મહારાજની ગોંડલ જવાની આજ્ઞા. ૪૫
૮. યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ગોંડલમાં. ૪૫ થી ૪૭
૯. વરસોડામાં આખી બપોર ગુરુભક્તિમાં જાગૃત. ૪૭
૧૦. રાજકોટમાં યોગીજી મહારાજને રસોઈ કરી જમાડ્યા. ૪૮

**૩. સ્વામીશ્રીની વાણી - આત્મામાંથી વહેતી સહજ સરવાણી.**
૧. ટેકસાસમાં સુધીરભાઈના માનસી પૂજાના પ્રશ્નનો જવાબ. ૧૧૧
૨. માયાનો પેચ - વ્યવહાર કરતાં આત્માનો વિચાર. ૧૧૧-૧૧૨
૩. મનને સ્થિર કરવા - બળદનું ઉદાહરણ. ૧૧૨
૪. ગુરુત્વાકર્ષણના ઉદાહરણે વાસના-સ્વભાવ ટાળવાનો ઉપાય. ૧૧૨
૫. જીવનો સત્સંગ. ૧૧૨-૧૧૩
૬. કાપડના વેપારીના દૃષ્ટાંતે ભગવાનની વાતો કરવાનો ઉમંગ. ૧૧૩
૭. આચાર-વિચાર શુદ્ધ કરવાનો આદેશ. ૧૧૩
૮. આત્માનો ખોરાક. ૧૧૩-૧૧૪
૯. ગોંડલમાં રામજી ભગત સાથેનો સંવાદ - કેવો દાંતનો નિશ્ચય થઈ ગયો છે ! એવો પ્રગટ ભગવાનનો નિશ્ચય થવો જોઈએ. ૧૧૪
૧૦. ઈ.સ.૧૯૮૭ ના દુષ્કાળમાં પશુમાલિકોને મંદિરના કેટલ કેમ્પમાં ઢોર મુકવાનું સમજાવતાં. ૧૧૫
૧૧. સાંકરીમાં દૂબળા હળપતિઓને મંદિરમાં આવવાની આજ્ઞા. ૧૧૫
૧૨. સ્વામીની ભાષા, પ્રેમ અને શાંતિની છે. - વીન વિલિંગ્ટન ૧૧૫
૧૩. વાંકાનેરનો યુવક મા-બાપને બતાવી દેવાના આશયથી વ્યસનના માર્ગે જતો સ્વામીશ્રીની મંગળ વાણીએ અટકાવ્યો. ૧૩૮
૧૪. અમેરિકાના રીકી પ્રેજકટી સાથે વ્યસન મુક્તિ વાર્તાલાપ. ૧૪૫ થી ૧૪૭
૧૫. લેસ્ટર (યુ.કે.) માં ફ્રેન્કનું ટેન્શન દૂર થયું. (પુત્ર આપઘાતનું) ૧૪૭ થી ૧૪૯

**૪. સ્વામીશ્રીએ કરાવેલું ઐશ્વર્ય દર્શન.**
૧. પૂર્વભૂમિકા. ૧૬૩
૨. તમારી અંદર ભગવાન ? નીલકંઠનો પ્રશ્ન. ૧૬૪
૩. અમારે ક્યાં જવા-આવવાનું છે તે દિવસો ગણીએ ? ૧૬૪
૪. અક્ષરધામમાં જ બેઠા છીએ. એનાથી દૂર જ નથી. ૧૬૪
૫. નજીકથી દર્શન કરવાનો તમારો સંકલ્પ પૂરો થયો ? ૧૬૫
૬. અમેરિકામાં વિષ્ણુભાઈની દુકાનની ચોકી કરી. ૧૬૫
૭. આ પ્રશ્નોમાં આ રીતે કર, તો N.O.C. મળી જશે. ૧૬૬
૮. આસ્ટનમાં રેસનો ઘોડો શાંત થઈ ગયો. ૧૬૬-૧૬૭
૯. દોલતભાઈને અક્ષરધામમાં લઈ જવાનો કોલ. ૧૬૭
૧૦. મોજીદડના રામભાઈને લેવા પધાર્યા. ૧૬૭-૧૬૮
૧૧. જીટોડિયાના ઈશ્વરભાઈ ધામમાં ગયા. સ્વામીશ્રીની આંગળી ઉપરનો ફોલ્લો ફૂટ્યો. ૧૬૮
૧૨. મુંબઈના સુરેન્દ્રભાઈ દલાલને ધામમાં બેસાડ્યા. ૧૬૮-૧૬૯
૧૩. સી.ટી.પટેલને કહ્યું : અમે સુરેશને ધામમાં લઈ જઈશું - પાલિતાણાના જીકૂબાની અંતિમ પળોમાં દિવ્ય દેહે હાજર. ૧૬૯
૧૪. અકુ (રાજેન્દ્ર)ના ધામપ્રયાણ વખતે સ્વામીશ્રીની દિવ્ય દેહે જ હાજરી હતી ને ! ૧૬૯

(વિભાગ : ૨ 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવનચરિત્ર નવમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ ના આધારે)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. ગુણાતીતાનંદ સ્વામીના સ્વમુખે મહિમા.**

| | | |
|---|---|---|
| ૧. | શિવાનંદ સ્વામીને પાાણી પાયું. | ૧/૧૮૭ |
| ૨. | માણાવદરના નવાબને અનંત સૂર્ય પ્રકાશના દર્શન. | ૧/૨૨૫ |
| ૩. | અહીં પણ અક્ષરધામને ગ્રહણ નડશે નહિ. (વડોદરાના શોભારામ શાસ્ત્રીને) | ૧/૨૩૪ |
| ૪. | મહારાજ નિરંતર અમારી પાસે જ છે. (ધ્યાનમાં બેઠેલા સ્વામીશ્રીના દર્શનથી આશ્ચર્ય પામેલા નથુ ભટ્ટે પ્રશ્ન કરતાં તેનો જવાબ આપતાં સ્વામીશ્રી) | ૧/૨૩૮ |
| ૫. | 'આવા સાધુ અને આવો સમાગમ નહિ મળે'- ગઢડામાં મુકુન્દ બ્રહ્મચારીને મંદિર છોવરાવતા જોઈને. | ૧/૨૪૭ |
| ૬. | દાડમામાં નથુભટ્ટને અક્ષરધામનાં દર્શન. | ૧/૨૫૩. |
| ૭. | 'આહીં તું મોટો છું, પણ અક્ષરધામમાં હું મોટો છું.' - વરતાલમાં ભગવદાનંદ સ્વામીને. | ૧/૨૫૮ |
| ૮. | 'સહજાનંદ સ્વામીએ પુરુષોત્તમપણાની કૂંચી તો અમને સોંપી છે.'- વરતાલમાં અયોધ્યાપ્રસાદજીને. | ૧/૨૬૦ |
| ૯. | 'આવાં તરણાંની જેમ અસંખ્ય બ્રહ્માંડો અમારા એક એક રોમમાં અણુની જેમ ઊડે છે.' - જૂનાગઢમાં નથુભટ્ટને. | ૧/૨૬૧ |
| ૧૦. | 'ધામ તો અમે જ છીએ. જો મનાય તો.' જૂનાગઢમાં પમા કડિયાને. | ૧/૨૮૦ |
| ૧૧. | ઘનશ્યામદાસ સાધુને અક્ષરનો નિશ્ચય. | ૧/૨૮૨ |
| ૧૨. | 'આ તારી ભેગા હાથમાં દાતરડું લઈને નીંદે તેવું.'- જૂનાગઢ વાડીમાં કાના ભગતને. | ૧/૨૯૧ |
| ૧૩. | માધવચરણદાસ સ્વામીને સ્વામી સ્વયં અક્ષરધામ છે. તેવો કરાવેલો નિશ્ચય. | ૧/૨૯૫,૨૯૬ |
| ૧૪. | વાલેરા વરુને સમાધિ દ્વારા સ્વામીશ્રીએ ઓળખાવેલું પોતાનું સ્વરૂપ. | ૧/૩૧૧ |
| ૧૫. | 'આ સાધુ તો શ્રીજી મહારાજની સાથે વિરાજી સોનાની થાળીમાં પાકા થાળ જમે તેવા છે.'- કેરિયાના ભગુભાઈને. | ૧/૩૨૮ |
| ૧૬. | 'મહારાજનાં ચાર સુખ આજથી મારે તમને આપવાં'- જાગા ભક્તને. | ૧/૩૩૩ |
| ૧૭. | બેચર પંડ્યાને સ્વામી ધામ બતાવે છે. | ૧/૩૪૧ |
| ૧૮. | મૂર્તિમાન અક્ષર કોણ હશે ? નાજા કામળીનો પ્રશ્ન : 'તમોને પાસે બેસારી ને હમણાં વાતો કરે છે તે જ અક્ષર છે.' | ૧/૩૫૧ |
| ૧૯. | જાદવજીભાઈ મિસ્ત્રીને અક્ષરધામના સુખનો કરાવેલો અનુભવ. | ૧/૩૭૩,૩૭૪ |
| ૨૦. | વરતાલ છાવણીમાં સ્વામીશ્રીએ કરેલા ઘેરા ઘા - રઘુવીરજી મહારાજને મર્મમાં સમજાયેલું સ્વસ્વરૂપ. | ૧/૩૮૧ |
| ૨૧. | 'જેમાં જેવા ગુણ હોય તે તેવા ગુણ આપે'- સ્વામીશ્રી. | ૧/૪૨૫ |
| ૨૨. | માધવદાસને : 'આજે જે નજરે જોયું તે પ્રમાણે હવે સમજજો.' | ૧/૪૨૫ |
| ૨૩. | 'જો અક્ષરધામમાં હું મોટેરો છું અને મારું કર્યું થાય છે.'- બગસરાના બેચરભાઈને. | ૧/૪૮૬ |
| ૨૪. | 'વળી જે અક્ષરધામ કહેવાય છે તે પણ હું જ છું એમ તું જાણજે.-બગસરાના બેચરભાઈને. | ૧/૪૮૬ |
| ૨૫. | 'આ અક્ષરધામ તારી સામે બેઠું છે.' કમિયાળાના મોડભાઈને. | ૧/૪૯૮ |
| ૨૬. | 'હું અક્ષરબ્રહ્મ છું અને મારું નામ ગુણાતીત' - જૂનાગઢમાં બાલમુકુન્દદાસને. | ૨/૨૯૨-૨૯૩ |
| ૨૭. | 'શાસ્ત્રમાં જેને અક્ષરબ્રહ્મ કહ્યા છે તે આજે તમારી સભામાં તમારી સમક્ષ વાતા કરે છે.' - વરતાલમાં ગોપાળજીદાદાને. | ૨/૩૩૬ |

**૨. ગુણાતીતાનંદ સ્વામીના હરિભક્તો.**

| | | |
|---|---|---|
| ૧. | રાધા ભક્ત (બારપટોળીના) આજ્ઞા, સેવા, ભક્તિ, મંદિરનું મમત્વ, નિષ્ઠા | ૧/૨૧૦ |
| ૨. | બેચરભાઈ જૈન- 'તમારો અપાસરો તમારી પાસે રહ્યો - જૈન પદનો ત્યાગ.' | ૧/૨૨૨ |
| ૩. | કરસન બાંભણિયાની સેવા, સમર્પણ, આત્મબુદ્ધિ | ૧/૨૨૩ |
| ૪. | નથુભટ્ટ : સ્વામીને રૂંવાડે રૂંવાડે અસંખ્ય બ્રહ્માંડ દેખતાં. | ૧/૨૫૩, ૨૬૧, ૩૨૫-૩૨૬ |
| ૫. | ધાર્યું તો એક સ્વામિનારાયણ ભગવાનનું જ થાય છે. માટે અમથી બીક બતાવવાનું રહેવા દ્યો.'- ઉપલેટાના લાલાભાઈ ઇન્દ્રને.- ઇન્દ્ર રોજ લાલાભાઈના દર્શને આવતા. | ૧/૨૭૮,૪૬૦ |
| ૬. | 'મને તો સિધ્ધોના પણ સિધ્ધ મળ્યા છે.' લોધિકાના દરબાર અભયસિંહ - દેહાચારણને. | ૧/૨૮૭-૨૮૮ |
| ૭. | 'પ્રગટ પ્રભુને મેલીને હું પરોક્ષનો ઉધારો રાખતો નથી. તમારે જેમ ફાવે તેમ કરો.'- વાલેરા વરુ - જ્ઞાતિજનોને. | ૧/૩૧૩ |
| ૮. | 'તમે ઉડાડશો મા, ભલે ઠોલે.'- રાધા ભક્ત.-દીકરાઓને. | ૧/૩૮૯ |
| ૯. | રેંથળના ગોવિંદ ભક્ત - મહારાજ સ્વામીના દર્શન - નિરાવરણ દૃષ્ટિ | ૧/૩૮૯ |
| ૧૦. | બાપુ રતનજી - સ્વામી પ્રત્યે અતૂટ સ્નેહ, મહિમા, મોટપ સમજતા. | ૧/૩૯૧ |

૧૧. ચાર હરિભક્તોના દર્શને જવું. ૧/૪૦૬
૧૨. 'ગુણાતીતની ઝોક જ જુદી હોય તેમ લાગે છે. આ ઝોકમાં જે ઊછર્યા હોય એના અંતરમાંથી મહારાજ કદી જાય નહિ.' શુક સ્વામી ૧/૪૦૮
૧૩. 'અમારા હૈયાની આંટીયું બધી સ્વામીએ કાઢી નાંખી છે. આ તો અમારા દેશનો પહેરવેશ છે.' નારણ ભગત - આત્માનંદ સ્વામીને ૧/૪૯૧
૧૪. 'ત્યારે તો તમે ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યો ખરા' વિધાત્રાનંદ સ્વામી - ઉપલેટા તથા જાળિયાના હરિભક્તોને. ૧/૪૯૫-૪૯૬
ગણોદના દરબાર અભયસિંહ - નિષ્ઠા - ધર્મનિયમની દઢતા ૧/૫૮૯
૧૫. 'આ ભગતને તો ભગવાને ઘણી વાર હાથોહાથ હાર આપ્યા છે અને માથે હાથ મૂક્યા છે.'- કાળસરીના હીરા ભગત - ગામના વાણિયાને. ૧/૫૨૮
૧૬. 'અહીં બધું છે તેની ના નથી, પણ અહીં ગુણાતીત છે ?'- જગુભાઈ - ગઢડાના કોઠારીને. ૧/૫૪૩
૧૭. 'તમે સૌ આ શું બોલો છો ? સ્વામીને આ રીતે ઠપકો આપવો અને અસભ્ય રીતે બોલવું તેમાં તમારી લાયકાત છે ?' સીંજીવાડાના પ્રભુદાસ - વરતાલમાં સ્વામીશ્રીનું અપમાન. ૨/૨૮૪
૧૮. 'માતાજીએ સારી સમજણ લીધી તે ઠીક થયું, નહીં તો માતાજીને પણ ગામ બહાર જાવું પડત.'- વાગુદડના દરબાર ભાણાભાઈ. ૨/૩૦૦
૧૯. 'હું ફર્યો જ નથી પણ આપણો સૂરજ ફર્યો છે.'- વાગુદડના દરબાર ભાણાભાઈ - માતાને. ૨/૩૦૧

## ૩. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકે કરાવેલી ઓળખાણ.

૧. આ સાધુ બહુ સમર્થ છે, એમનું એ સામર્થ્ય આજનું નથી પરંતુ અનાદિનું છે. (સ્વામીનો કથાનો ઈશક-દેહને આરામ આપવાની ના પાડીને કથા સાંભળવાની વાત કરી તે પ્રસંગ) ૧/૭૮
૨. 'એવા સદ્ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. - સારંગપુરમાં ફૂલદોલોત્સવ. ૧/૮૧-૮૩
૩. તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ? (સુરતમાં ઝોળી માગતા સ્વામીની સન્મુખ ચાલતા મહારાજ) ૧/૮૫
૪. આ સાધુ તમને આગળ સમજાવશે. નાજા જોગિયાને- (સંતો મહારાજની વાતો કરતાં હતાં અને પાર્ષદો ઊઠી ગયા. તે પ્રસંગ) ૧/૯૮-૯૯
૫. એ સાધુ તો પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તે છે. (ગોવાળ મંડળીનો પ્રસંગ) ૧/૧૦૦
૬. આ સાધુને ઓળખો છો ! આ તો અમારું અક્ષરધામ છે ઓળખી રાખજો.- વંથળીના કલ્યાણભાઈને (બે વાઘ વચ્ચે બકરીના પ્રસંગ વખતે ) ૧/૧૦૦
૭. અહો ! અક્ષર તો આ લોકમાં પણ અમારી સેવામાં જ છે. (વરસાદમાં મહારાજ પર ધાબળો ધર્યો.) ૧/૧૧૧-૧૧૨
૮. ગુણાતીતાનંદ જેવા તો એ એક જ છે. (સ્વામીએ તોરો લીધો તે પ્રસંગ) ૧/૧૨૩
૯. 'જુઓ અમારા તિલક.' 'હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.' ૧/૧૨૭
૧૦. 'ગુણ વિના મોટાઇ કે ગુરુપણું આવતું નથી.' (કારિયાણીના હરિભક્તોને રાજી કર્યા તે પ્રસંગ) ૧/૧૨૯-૧૩૦
૧૧. એમનું સામર્થ્ય તો અપાર છે. તે અમે જ્યારે નહિ હોઇએ ત્યારે તમોને જણાશે. (પરમહંસોની વિશેષતા છતી કરી.) ૧/૧૩૪
૧૨. આ સાધુ તો અમારા અનાદિના સેવક મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે. (વરતાલમાં અઢાર માંદા સાધુની સેવામાં.) ૧/૧૩૯-૧૪૦
૧૩. આ અમારા મૂર્તિમાન અક્ષરધામ છે. (પંચાળા રંગોત્સવમાં મઘરીએ આરે સ્નાન કરતાં) ૧/૧૪૦ થી ૧૪૨
૧૪. 'નિર્ગુણ બ્રહ્મ સુલભ અતિ, સગુણ ન જાણે કોઈ' (જૂનાગઢ જતાં સ્વામીશ્રીને સ્મૃતિ ભાતું આપતાં મહારાજ) ૧/૧૬૧
૧૫. જેટલો અમારે અને એમને સંબંધ છે, એટલો બીજાને નથી. (નાજા જોગીયાને મહારાજે કહેલો ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા.) ૧/૧૬૭,૧૬૮
૧૬. આ તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. માટે તેમનાં ચરણોમાં કોટી ગંગા, કાશી અને અનેક તીર્થો રહ્યાં છે. (શિવાનંદને પાણી પાયું તે પ્રસંગ) ૧/૧૮૭
૧૭. અમે તેમનામાં અખંડ વાસ કરીને રહ્યાં છે. (ભૂખ્યા સંતોને જમાડયા) ૧/૧૯૦
૧૮. એમની મોટપ કાંઈ આસનથી નથી કે મહંતાઈથી નથી. (શુકસ્વામી આસન શોધવા લાગ્યા ત્યારે) ૧/૧૯૧
૧૯. તેને હું શી રીતે દૂર કરી શકું ? જ્યાં તે છે ત્યાં જ હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે. (અંત સમયે ગોપાળાનંદ સ્વામીને) ૧/૨૦૨
૨૦. ધામ વગર એકલા ધામીની પૂજા અધૂરી ગણાય. આ ગુણાતીતાનંદ સ્વામી અમારા અક્ષરધામ છે તેમની પૂજા પણ કરો. (અંતિમ માંદગીમાં પૂજા કરવા આવેલા હરિભક્તને) ૧/૨૦૨

પ્ર.૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)

☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. ગોપાળાનંદ સ્વામીને ઉપાધિ.**

| | | |
|---|---|---|
| ૧. | કેશવજીવનદાસ સમાધિ દ્વારા કેટલાયના સંકલ્પો કહેવા લાગ્યા. તેથી ગોપાળાનંદ સ્વામીને ઉપાધિ આવી. | ૧/૨૫૬ |
| ૨. | સાધુઓએ ઉપાધિ બહુ ઉપાડી છે. તેમાં મારું કાંઈ ચાલે તેમ નથી. - રઘુવીરજી. | ૧/૨૫૭ |
| ૩. | अकाळे जलदोदय: कथम ? (આ વર્ષે આપને સમૈયે આવવાનો વારો ન હતો અને શાથી આવ્યા ?) | ૧/૨૫૭ |
| ૪. | 'જો આંહીં કાંઈ ઉન્મતાઈ કરીશ તો અક્ષરધામમાં તડકે ઊભો રાખીશ.'- ભગવદાનંદને. | ૧/૨૫૮ |
| ૫. | તમે ધર્મના આચાર્ય છો તે શુધ્ધ ધર્મ પ્રવર્તાવો, ન પ્રવર્તાવો તો તમને ખોટ. અમે તે પ્રમાણે ન વર્તીએ તો અમને ખોટ. | ૧/૨૫૯ |
| ૬. | અયોધ્યાપ્રસાદજી મહારાજનો ઉપાસના સંબધી પ્રશ્ન. | ૧/૨૬૦ |
| ૭. | તમને તો પૂજાવાની અને મનાવાની કૂંચી સોંપી છે તેથી પૂજાઓ છો. | ૧/૨૬૦ |
| ૮. | આવી વાતો કરો છો તેથી સંત્સગિજીવન ગ્રંથ અને બીજા શાસ્ત્રો ખોટા થાય. | ૧/૨૬૦ |
| ૯. | સર્વ અવતારના અવતારી અને અનાદિ સ્વયં ભગવાન તો એક સહજાનંદ સ્વામી જ છે. - નિત્યાનંદ સ્વામીની સિંહ ગર્જના. | ૧/૨૬૧ |

**૨. અમદાવાદમાં પુરુષોત્તમપણાના પડઘા.**

| | | |
|---|---|---|
| ૧. | સાણંદમાં આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજની માંદગીના સમાચાર મળ્યા. | ૨/૩૨૯ |
| ૨. | સ્વામીશ્રી અમદાવાદમાં ભવ્ય સ્વાગતયાત્રા - 'આ તો ઈશ્વરમૂર્તિ કોઈ અલૌકિક પુરુષ છે.' | ૨/૩૨૯ |
| ૩. | ''સ્વામી ! આપે બહુ દયા કરી અને પધાર્યા તેથી મને શાંતિ થઈ ગઈ !'' - આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ. | ૨/૩૨૯ |
| ૪. | સ્વામીશ્રીની આજ્ઞા પાળી તેર દિવસે આચાર્ય મહારાજ જમ્યા. | ૨/૩૩૦ |
| ૫. | રામનવમીનો સમૈયો અમદાવાદ કરવાની અને સભામાં સર્વોપરી ઉપાસનાની વાતો કરવાની પ્રાર્થના. | ૨/૩૩૦ |
| ૬. | અમારે મથુરાના બ્રાહ્મણોની કે અઠ્યાસી હજાર ઋષિઓની સમજણ જોઈતી નથી. | ૨/૩૩૧ |
| ૭. | પરોક્ષ શાસ્ત્રની પ્રતીતિથી વિદ્વાન બ્રાહ્મણોને પણ મોક્ષમાર્ગમાં વિઘ્નો નડયાં - સ્વામીશ્રી. | ૨/૩૩૧ |
| ૮. | ગોપાળાનંદ સ્વામી, વિધાત્રાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી વગેરેએ પ્રત્યક્ષપણાના જે જે સર્વોપરી વચનો કહ્યાં છે, તેમનાં આ વચનોરૂપી શાસ્ત્રોમાં જ દૃઢ શ્રધ્ધા રાખવી એ જ આત્યંતિક કલ્યાણનું અસાધારણ સાધન છે. | ૨/૩૩૧ |
| ૯. | 'સ્વામીશ્રીને જે વારે તે મારો શત્રુ છે.' કેશવપ્રસાદજી મહારાજ. | ૨/૩૩૨ |
| ૧૦. | કેશવપ્રસાદજી મહારાજને આચાર્વતા ધર્મ પ્રમાણે વર્તવાનો ઉપદેશ. | ૨/૩૩૨ |
| ૧૧. | કેશવપ્રસાદજી મહારાજનું પરિવર્તન. | ૨/૩૩૨ |
| ૧૨. | તમારી આજ્ઞા માનીએ કે તમારા બાપની ? | ૨/૩૩૩ |
| ૧૩. | આશારામને સ્વામીશ્રી પ્રત્યે અક્ષરની નિષ્ઠા દૃઢ થઈ. | ૨/૩૩૩-૩૩૪ |
| ૧૪. | શ્રીજીમહારાજે અક્ષરધામમાં જવા સારુ આવી જ સીધી સડક (અર્ચિમાર્ગ) બાંધી દીધી છે. (પહેલવહેલા રેલગાડીમાં બેઠા.) | ૨/૩૩૪ |

**૩. વ્યવહારકુશળ ગુણાતીતાનંદ સ્વામી.**

| | | |
|---|---|---|
| ૧. | મેઘપર ઉપર કૃપાદૃષ્ટિમાં ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી ઉપસ્થિતિ તથા મરજી પ્રમાણે. | ૧/૨૭૧-૨૭૨ |
| ૨. | લાલજી ભટ્ટ દીકરા નથુ ભટ્ટને 'બીજા તો લેવકરણ છે પણ તારા ગુરુ તો દેવકરણ છે.' | ૧/૩૨૭ |
| ૩. | સિદ્ધીઓને ગુજરાતમાં મોકલે છે. | ૧/૩૫૫ |
| ૪. | જાગા ભક્તને સવારે ભેગા ચાલવાની આજ્ઞા. | ૧/૩૩૦-૩૩૧ |
| ૫. | જીવા દેસાઈને - તમારે તમારાં સગાંનાં સગાંનું સન્માન કરવું જોઈએ. | ૧/૩૬૦ |

**૪. મુંજો સુરુનું અને વાલેરા વરુનું પરિવર્તન.**

**મુંજો સુરુ** - ૧. લીલખાના મુંજા સુરુ મેંગણીના દરબાર શ્રી માનસિંહની કચેરીમાં તે મુખ્ય સભાસદ હતા - દારૂ, માંસ-ભક્ષણના લક્ષણો પૂરા - મુંજાને સ્વામીએ કરેલી દારૂ માંસ નિષેધની વાતો - ઉપદેશથી ન માનનાર મુંજાને સમાધિમાં યમયાતના ભોગવવાથી, તેમાંથી છૂટી સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવ્યાં - મુંજાના નિયમથી ભરવાડો ન્યાલ થઈ જતાં એક ભરવાડે સ્વામીશ્રીને ગુરુ કરી 'ગુણાનંદ ગુણાનંદ' ભજન કરવા લાગ્યો. ૧/૩૦૫ થી ૩૦૭

**વાલેરા વરુઃ** ગરાસની ઊપજ ન મળતાં વાલેરા વરુ બહારવટે ચડી વસતિને રંજાડવા લાગ્યો. - વાલેરાની વિતક સમજી સાત દિવસમાં ગરાસ પાછો મળશે તેવા આર્શીવાદ આપ્યા. - મારો ગરાસ મળે પછી તમને મારે ક્યાં ગોતવા ? - ગરાસ મળતાં માનતાના રૂપિયા બે હજાર લઈ વાલેરા વરુ અને સાગરિતો જૂનાગઢ સ્વામી પાસે. - 'સ્વામી ! તમારું ઘર બતાવો.'- વાલેરાને સમાધિ - ભાગમાં મળેલા ગરાસમાં પાણીની તંગી સ્વામીશ્રીએ દૂર કરી - કૃપાનંદ સ્વામી અને સંતોને મામૈયા વરુએ જમાડયા એ પુણ્યથી વાલેરાને સ્વામીનો જોગ - તુલસીશ્યામમાં અપાતું માપુ વાલેરા આપતા ન હતા - તમે બહુ દંડ કરશો તો નાતબારો મને કરશો તો તેની મને બીક નથી. - અડગ વાલેરા.

૧/૩૦૭ થી ૧/૩૧૩

**(વિભાગઃ ૩ નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. 'પેખો સંતો પાંચસો પણ ગુણાતીત તો એક'** - **(૧)** નવદિક્ષીત સાધુની ત્યાગની છટા, કલ્યાણનો ખપ, મહારાજની આજ્ઞા પાળવાની દૃઢતા. (જમીન પર સૂઈ ગયા) **(૨)** મહારાજના દર્શન કે કથામૃતનો એક પણ પ્રસંગ જવા દેતા નહિ. સદાય મહારાજની મૂર્તિ દર્શનનાં જ ભૂખ્યા - પાકના લાડુનો ત્યાગ. મહારાજના દર્શન સારું પાછા પગે દોડ્યા. મહારાજના દર્શનની આસક્તિ (નેવા નીચે વરસતાં વરસાદમાં ઊભાં રહ્યાં તે પ્રસંગ) સ્વામીનો ઇશક(દર્શન અને કથા) મહારાજની મૂર્તિના દર્શન સિવાય બીજો સંકલ્પ ન હોવાથી મહારાજે પ્રસાદી આપી. આંતર-બાહ્ય સમગ્ર ઇન્દ્રિયો મહારાજના સ્વરૂપમાં કેન્દ્રીત - મહારાજનું બળ (તોરાનો પ્રસંગ) 'અહો ! શું કથા ! ન ભૂતો ન ભવિષ્યતિ.' મહારાજના દર્શન થાય તે જ મુદ્દો. **(૩)** એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. **(૪)** દૃષ્ટિ સંયમ - સૂરતમાં દરરોજ ઝોળી માગવા છતાં ઉપવાસ ન પડતો. **(૫)** સંયમ દૃષ્ટિવાળા તો તમે એક જ. (નીલ વાંદરું) **(૬)** તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ? (સ્વામીને તો નિરંતર મહારાજ પ્રત્યક્ષ જ) ભૂખ્યા સંતોને મહારાજના દર્શન કરાવ્યા. શિવાનંદ સ્વામીને ચરણરજ આપી, પાણી પાયું.**(૭)** આ ગુણાતીતને બાવીસવાર મળતાં કઠણ ન પડ્યું. **(૮)** એ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો જ લે છે. (ગોવાળ મંડળી) **(૯)** આ સાધુ તો અમારા ઘરરૂપ છે. (વરજાંગ જાળિયામાં રત્નાબાઈને) **(૧૦)** રંગ છે સ્વામી ! તમે મારું વચન હેઠું પડવા દીધું નહિ. (કારિયાણીમાં માંદા સંતોની સેવામાં) **(૧૧)** ઊગાખુમાણના દ્વેષ સામે દીકરો થાય તેવો સંકલ્પ. **(૧૨)** કૃપાનંદ સ્વામીના મંડળમાં સ્વામીશ્રીની સેવાઓ. **(૧૩)** જેવી અમારી સેવા અક્ષર કરે છે અને મહિમા સમજે છે તેવું બીજું કોઈ કરી શકતું નથી. (વરસાદમાં ધાબળો ધર્યો) **(૧૪)** ઉમરેઠમાં ઊભા ઊભા કીર્તન ભક્તિ. **(૧૫)** હવે તમે બધા જો બ્રહ્મ હો તો આ પ્રકાશ સમાવી દો.- મહેમદાવાદ. **(૧૬)** વિશ્વરૂપાનંદ સ્વામી સ્વામીશ્રીની પ્રભાથી દબાઈ ગયા. **(૧૭)** 'હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.' જુઓ અમારા તિલક. **(૧૮)** આ સાધુ અમારા અંતરનું જાણી ગયા. (કીર્તન બદલ્યું.) **(૧૯)** મહારાજની આજ્ઞાથી બે માસ સુધી બુરાનપુરમાં સ્ત્રીઓની સભામાં અંતવૃતિ કરી વાતો કરી. **(૨૦)** આ સાધુ તો બહુ સમર્થ છે. કાં જે સાણસામાં સાપ પકડે તેમ આ સાધુએ અમારી મૂર્તિ પકડી છે. **(૨૧)** 'એમનું સામર્થ્ય તો અપાર છે. તે અમે જ્યારે નહિ હોઈએ ત્યારે જણાશે.' ચાર પરમહંસોની વિશેષતા છતી કરી. **(૨૨)** સ્વામીના અમે નિરંતરના જામીન છીએ. **(૨૩)** જેટલો અમારે અને એમને સંબંધ છે એટલો બીજાને નથી. (નાજા જોગિયાને) - અમે આ ગુણાતીતાનંદ જેવા સ્વામીની માળા ફેરવીએ છીએ. (નાજા જોગિયાને) **(૨૪)** આ સાધુ જે અમારું સર્વસ્વ છે, તે તમારા સોરઠ દેશને અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ. **(૨૫)** 'હું જેવો અનાદિ પુરુષોત્તમ છું, તેવા જ આ સાધુ અમારે રહેવાના અક્ષરધામનો અવતાર છે.' જૂનાગઢના નવાબને. **(૨૬)** એમની મોટપ કાંઈ આસનથી કે મહંતાઈથી નથી. **(૨૭)** ધામ વગર એકલા ધામીની પૂજા અધૂરી ગણાય. **(૨૮)** હું તો તમારામાં અખંડ રહ્યો છું. **(૨૯)** 'આવા ફકીર તો આખી દુનિયામાં દેખ્યા નહિ.' - માણાવદરના નવાબ. **(૩૦)** 'તે તો સર્વજ્ઞ, સર્વદક્ષ અને ધન્વંતર વૈદ્ય જેવા છે.' ગોપાળાનંદ સ્વામી. **(૩૧)** તમો ખરા ચક્રવર્તી છો, અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો.- ઘનશ્યામદાસ સ્વામી. **(૩૨)** 'સાલાપોલાને તેમની વાતુનો મરમ હાથ ન આવે.'- ઘનશ્યામદાસ માધવચરણદાસને. **(૩૩)** 'મને તો સિધ્ધોના પણ સિધ્ધ મળ્યા છે.' લોધિકાના દરબાર અભેસિંહ - દેહા ચારણને. **(૩૪)** 'અહોહો ! સ્વામી તો મહારાજે જેવા કહ્યા હતા તેવા આજે જ સમજાયા.' - નિત્યાનંદ સ્વામી. **(૩૫)** ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી ત્યાગ - વૈરાગ્યની ખુમારી ચડે છે. - વરતાલ છાવણીમાં ભંડારી નારાયણદાસ - આચાર્ય રઘુવીરજી મહારાજને. **(૩૬)** 'શ્રીજીમહારાજ છતાં સત્યુગ વર્તતો હતો એવો આજ સ્વામી પાસે વર્તે છે.'- બાપુ રતનજી. **(૩૭)** 'જો ગ્રંથિઓ ગાળીને તમને ગુણાતીત ન કરું તો હું ગુણાતીત નહિ.'- સ્વામીશ્રી રઘુવીરજી મહારાજને.

**૨. 'હું ટળે હરિ ઢૂંકડા.' : (૧)** સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીનું 'હું ટળે હરિ ઢૂંકડા' એ કીર્તન ખૂબ મોટો સંદેશ (આદર્શ) આપે છે. **(૨)** કોઈપણ વ્યક્તિમાંથી જ્યારે 'હું' નીકળી જાય ત્યારે તેનો સર્વાંગી વિકાસ થાય છે. જેણે 'હું' ને ઓગાળી નાખ્યો છે તે મહાન બની ગયા. (પ્રસંગો) **(૩)** શ્રીજીમહારાજ સ્વયં ભગવાન પુરુષોત્તમનારાયણ છતાં પણ નિર્માની - 'હું'પણું લેશમાત્ર નહિ - ગુણાતીતાનંદ સ્વામીથી માંડીને પ્રમુખસ્વામી મહારાજ સુધી તમામ ગુરુએ પોતાનું અસ્તિત્વ જ પોતાના ઈષ્ટદેવમાં, પોતાના ગુરુમાં ઓગાળી નાખ્યું છે. તેથી જ ભગવાન તેઓમાં સમ્યક્‌પ્રકારે બિરાજે છે. (પ્રસંગો) **(૪)** નિર્માનીપણામાં ગુરુપરંપરા પ્રથમ ક્રમે પ્રસંગો જેના ભગવાન નિર્માની તેના જનને પણ માન ન જ જોઈએ. એવો આદર્શ - પોતાનું લેશમાત્ર અસ્તિત્વ જ નહિ. ગુરુ જ સર્વસ્વ એવો જ ભાવ (પ્રસંગો) ગુરુભક્તિના. **(૫)** જેણે પોતાના 'હું' ને ઓગાળી નાખ્યો - 'હું ને મારૂ' એ મૂકી દીધું તેની પાસે જ હરિ (હરિ ઢૂંકડા) નજીક, ઢૂંકડા જ નહિ પણ અંગોઅંગમાં સાંગોપાંગ હરિ બિરાજમાન - તેથી જ મુમુક્ષુ સાધક જો પોતાનું 'હું'પણું ટાળે તો ભગવાન તેની પાસે રહે અને આ 'હું'પણું દાસભાવ રાખવામાં આવે તો જ ટળે - દાસત્ત્વભક્તિનો મહિમા - પ્રસંગો -

**૩. નવખંડ ધરતીમાં અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના પ્રવર્તક - પ્રમુખસ્વામી મહારાજ :** પ્રમુખસ્વામી મહારાજના જીવનનું ધ્યેય માનવમાત્રના ઉત્કર્ષનું - ૮૬ વર્ષે પણ રચનાત્મક વિનિયોગ - ૨૦૦૭ની વિદેશયાત્રા - આફ્રિકાથી શરૂ થયેલો BAPS સત્સંગ આજે યુ.કે., યુ.એસ.એ., અને અન્ય ખંડોમાં વ્યાપી ગયો - નૈરોબી, કંપાલા, દારેસલામમાં સત્સંગનો વિકાસ - દારેસલામ, મોમ્બાસા, કૅનેડાના મહાનગર ટોરોન્ટોમાં મંદિર - યુ.એસ.એ.માં એટલાન્ટા અને લોસએન્જલસમાં મૂર્તિપ્રતિષ્ઠા - શિકાગો, હ્યુસ્ટન, એડિસન, ડલાસ, સાનહોઝે, ન્યૂયોર્ક, ચીનોહિલ્સ, લંડન વગેરે જગ્યાએ અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના પ્રવર્તક મંદિરોની સ્થાપના. (હિન્દુ ધર્મની જાળવણીના પ્રકાર - મંદિર, શાસ્ત્ર, સંત - ગુલામ સ્વરૂપે ગયેલા અભણ હિન્દુઓને રામાયણ વગેરે શાસ્ત્રોની ચોપાઈઓ કંઠસ્થ - ભાવિપેઢીમાં આ સંસ્કારની જાળવણી માટે મંદિરોનો વિચાર - ફળ સ્વરૂપે હિન્દુ સંસ્કારોમાં જરાય ઓટ આવી નથી - આ અભિગમ સાથે સ્વદેશ અને વિદેશમાં પ્રમુખસ્વામી મહારાજે ધર્મમંદિરોની સર્જેલી પરંપરા - આફ્રિકામાં મંદિરો - ઈંગ્લૅન્ડમાં મંદિરોની શરૂઆત - લંડન સ્વામિનારાયણ મંદિર - અમેરિકા અને ઑસ્ટ્રોલિયા ખંડમાં મંદિરો - ન્યુઝીલૅન્ડ, આરબ દેશો એમ સાતેય સમંદરને તીરે શુદ્ધ સ્વામિનારાયણ ઉપાસનાના ઘંટનાદ ગૂંજી રહ્યા છે - સન નેવર સેટ્સ ઈન બ્રિટીશ એમ્પાયર સૂત્રને બદલે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં આરતીનો ઘંટારવ ક્યારેય અટકતો નથી.

❑ ❑ ❑